**વડીલોને વંદન**
**અભિનંદન**
આજે જન્મદિવસ



ચંદ્રકાન્ત પ્રેમશંકર પાઠક
(૧૯૩૩) ફોન : ૨૩૨ ૨૪૨૧૮

### શામળપુર ગામે બંધ મકાનમાંથી ૩૬ લાખનો વિદેશી દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના શામળપુર ગામે બંધ મકાનમાંથી શામળાજી પોલીસે મંગળવારના રોજ વહેલી સવારે બાતમી આધારે રેડ કરતા રૂ. ૩૬ લાખનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. આ અંગે શામળાજી પોલીસમથકે શામળપુરની મહિલા કમથુબેન દાનજીભાઈ અસારી વિરૂદ્ધ મંગળવારના રોજ ફરિયાદ નોંધાઈ હતી. વિગત મુજબ શામળાજી પોલીસમથકના પી.આઈ.ને મળેલ બાતમી આધારે ગાંધી જયંતીને મંગળવારના રોજ વહેલી સવારે સ્ટાફ સાથે શામળપુર ગામે કમથુબેન અસારીના ત્યાં રેડ કરવા જતા મકાન બંધ હતુ જેને ખોલી તેમાં તપાસ કરતા વિદેશી દારૂ ૧૭ હજાર ૫૩૨ નંગ બોટલ સાથેનો જથ્થો મળી આવ્યો હતો. જે પોલીસે રૂ. ૩૬ લાખ ૫૨ હજારનો મુદ્દામાલ કબજે લઈ શામળાજી પોલીસમથકે ફરિયાદ નોંધી હતી.

# ગુજરાતમાં સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન રચાશે

## વિવેકાનંદની ૧૫૦મી જયંતીના વર્ષમાં ગાંધી જયંતીના અવસરે મહાત્મા મંદિરમાં યુવા શક્તિનો સાક્ષાત્કાર

ગાંધીનગર, તા. ૨

ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઔદ્યોગિક અને આર્થિક ક્ષેત્રે નવી ચાઈ સર કરી રહેલા ગુજરાતના લાખો યુવાનોને ઔદ્યોગિક તાલીમ ક્ષેત્રે કૌશલ્યવાન બનાવવા, ઉત્તમ પ્રાફેશનલ કક્ષાના ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન રચવાની મહત્ત્વની જાહેરાત કરી હતી.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ગાંધી જયંતીના અવસરે મહાત્મા મંદિર, ગાંધીનગરમાં રોજગારક્ષેત્રે રાજ્યની નવી સિદ્ધિઓની પ્રતીતિરૂપે ખાનગી ક્ષેત્રે વધુ ૪૦,૦૦૦ યુવાનોને એકી સાથે રોજગારીના નિમણૂક પત્રો અને રાજ્ય સરકારની નોકરીઓમાં સીધી ભરતીના ૧૫,૦૦૦ ઉમેદવારોને નિયુક્તિપત્રો એનાયત કર્યા હતા.

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતીનું આ વર્ષ ગુજરાત સરકારે યુવાશક્તિ વર્ષ તરીકે ઉજવવાનો ઉપક્રમ હાથ કર્યો છે, તે સંદર્ભમાં ગુજરાતના ગામો અને શહેરોમાં કાર્યરત થઈ ગયેલા વિવેકાનંદ યુવા કેન્દ્રો માટે ૪૧,૦૦૦ જેટલા રમતગમતના સાધનોની કીટ પણ એનાયત કરી હતી. શ્રમ- રોજગાર વિભાગ અને યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સંયુકત ઉપક્રમે યોજાયેલા યુવાનોના ઉજ્જવળ કારકિર્દી ઘડતરના આ સમારોહમાં રાજ્યભરમાંથી યુવાનો ઉત્સાહ-ઉમંગથી ઉપસ્થિત રહ્યા હતા. આ જ અવસરો રાજ્યના ૨૬ જિલ્લા મથકોએ પણ સંપન્ન થયા હતા અને મુખ્ય મંત્રીશ્રીનું પ્રેરક સંબોધન સેટેલાઈટ ટેકનોલોજીના માધ્યમથી તમામ ૨૬ જિલ્લાઓમાં પ્રસારિત થયું હતું.









મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાત જે રીતે આર્થિક-ઔદ્યોગિક ક્ષેત્રે તેજ ગતિથી આગળ વધી રહ્યું છે અને આગામી સમયમાં લાખો નૌજવાનોને રોજગારીની અનેક તકો ભી થવાની છે તેને ધ્યાનમાં લઈ ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન કાર્યરત કરવાની ભૂમિકા આપી હતી.

ભારતભરમાં સૌથી ઓછી બેકારી ગુજરાતમાં છે અને આ ગૌરવભરી પરિસ્થિતિનું નિર્માણ એટલા માટે થયું છે કે, ગુજરાતે દશ વર્ષ સુધી વિકાસની નવી ચાઈ પાર કરી છે. જો વિકાસ આવો થયો ન હોત તો ન જાણે કેટલા યુવાનોને રોજી-રોટી માટે બીજા પ્રદેશોમાં કેવી રઝળપાટ કરવી પડી હોત. પરંતુ આજે તો ભારતના ખૂણેખૂણેથી રોજગારીના સપનાં પૂરાં કરવા દેશના યુવાનો ગુજરાત આવે છે. આ ગુજરાતના વિકાસની તાકાત છે, એમ તેમણે જણાવ્યું હતું.

ગુજરાતના તમામ એપ્રેન્ટીસ તાલીમ મેળવી રહેલા યુવાનોને માસિક રૂા. ૧૫૦૦/-નું એપ્રેન્ટીસ સ્ટાઈપેન્ડ આ સરકારે આપ્યું છે ત્યારે કેન્દ્ર સરકારે રાતોરાત કોલસા પરિવહન ઉપર સર્વિસ ટેક્ષ લાદીને ગુજરાત ઉપર રૂા. ૧૦૦ કરોડનો બોજ વધારી દીધો છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

ભારતના ભવિષ્યના નિર્માણ માટે યુવાનો ઉપર ભરોસો મુકવાની તેમની તત્પરતાનો ભારપૂર્વક ઉલ્લેખ કરી મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ૧૧ વર્ષ સુધી લગાતાર આ સરકાર ઉપર ઉમંગ-ઉત્સાહથી આટલું વિશાળ યુવાપેઢીનું સમર્થન અને વિશ્વાસ એક ઐતિહાસિક ઘટના છે.

દિલ્હીમાં બેઠેલી કેન્દ્ર સરકારની દિશા દેશને લૂંટવાની છે અને ગુજરાત સરકારની દિશા યુવાનોને તકો અને અવસરો આપવાની છે, એમ મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

થપ્પડ વિજ્ઞાપન અંગે ગુજરાતની જનતાને સંસ્કાર શીખવાડનારા હવે ખુદ થપ્પડોની દિશામાં વળ્યા છે ત્યારે એમની થપ્પડોની સંસ્કૃતિની દિશા દ્વારા નૌજવાનોને ગુમરાહ કરવામાં આવી રહ્યા છે.

ગુજરાતમાં વિવેકાનંદ યુવા કેન્દ્રોમાં ૨૦ લાખથી વધારે યુવા કેન્દ્રો જોડાઈ ગયા છે તેમને રમત-ગમત ક્ષેત્રે કૌશલ્યવાન બનાવવા માટે રમતગમતના સાધનો આપવાની ભૂમિકા આપતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, જે ખેલશે તે ખીલશે અને ખેલદિલ બનશે જ. ગુજરાતના સમાજ જીવનમાં ખેલદિલીની ભાવનાનું યુવાનો દ્વારા સંવર્ધન કરીને તંદુરસ્ત સમાજ માટેનું આહ્‌વાન તેમણે કર્યું હતું.

નાણાં, શ્રમ અને રોજગાર મંત્રી શ્રી વજુભાઈ વાળાએ ગુજરાતમાં યુવા કૌશલ્ય નિર્માણ માટે કૌશલ્ય વર્ધન કેન્દ્રો તથા સ્કીલ ડેવલપમેન્ટના નવતર અભ્યાસક્રમો શરૂ કરી, રાજ્યના ઔદ્યોગિક વિકાસને અનુરૂપ માનવ સંશાધન નિર્માણની પહેલરૂપ સિદ્ધિઓની ભૂમિકા આપી હતી.

# એલ.આઈ.સી.ના ગરીબ લાભાર્થીઓને ૪૦૩ કરોડના દાવાઓની ચૂકવણી

## જનશ્રી અને આમ આદમી બીમા યોજના અન્વયે અસરકારક કામગીરી

ગાંધીનગર, તા.૨

ભારતીય જીવન વીમા નિગમ દ્વારા જનશ્રી તેમજ આમ આદમી વીમા યોજના અન્વયે ગત વર્ષ દરમિયાન ગરીબી રેખા હેઠળ જીવતા લોકોને રૂ. ૪૦૩.૯૧ કરોડના દાવાઓની ચુકવણી કરવામાં આવી છે.

ભારતીય જીવન વીમા નિગમના સિનિયર ડિવિઝનલ મેનેજર શંકર બારૈયાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે જનશ્રી તેમજ આમ આદમી વીમા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૧-૧૨માં ગરીબી હેઠળના લોકોને ૪૦૩.૯૧ કરોડના દાવાઓની ચૂકવણી કરવામાં આવી છે. આ યોજના હેઠળ ૧૮ થી ૫૯ વયના વ્યકિતઓ કે જેઓ ૪૬ અલગ અલગ પ્રકારના વ્યવસાય સાથે સંકળાયેલા હોય તેઓ લાભાર્થી થઈ શકે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ યોજનામાં કુટુંબ દીઠ ધો-૯ થી ૧૨ માં અભ્યાસ કરતા બે બાળકોને શિક્ષા સહયોગ દ્વારા સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે. વર્ષ ૨૦૧૧-૧૨માં બાળકોને રૂ. ૧૮૦.૨૫ કરોડની સ્કોલરશીપની ચૂકવણી પણ કરવામાં આવી છે. જયારે ગ્રામ્ય જમીન વિહોણા લોકો માટે પણ ભારત સરકારે વર્ષ ૨૦૦૭માં જાહેર કરેલી આમ આદમી વીમા યોજના અન્વયે વર્ષ ૨૦૧૧-૧૨માં ૪.૪૫ આમ બાળકોને રૂ. ૪૭.૨૫ કરોડની સ્કોલરશીપ ચુકવવામાં આવી છે. જયારે આ બંને યોજના અન્વયે ૪.૭૯ કરોડ લોકોને વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવાયા છે.

# દેરોલ ગામે રેતીની લીજ બાબતે જીવલેણ હુમલો : પાંચ ઘવાયા

## રાજયના ગૃહમંત્રીના માણસોએ હુમલો કર્યો હોવાનો ઈજાગ્રસ્તોનો આક્ષેપ : વિજાપુર પોલીસ સહિત આઈજી સમક્ષ રજૂઆત

હિંમતનગર, તા. ૨

હિંમતનગર તાલુકાના દેરોલ ગામની સીમમાં સાબરમતી નદીમાં રવિવારની મધરાતે રામપુરના ૫ ઈસમો લીઝ પર રેતી ભરી રહ્યા હતા ત્યારે ૨૦ થી ૨૫ ઈસમોએ તલવાર અને તિક્ષણ હથિયારો વડે પાંચેય પર જીવલેણ હુમલો કરી અધમુઆ કરી નાખ્યા હતા. હુમલાખોરો રાજયના ગૃહમંત્રીના માણસો હોવાનું ઈજાગ્રસ્તોએ પોલીસ ફરિયાદમાં નોંધાવતા સન્નાટો મચી જવા પામ્યો છે. વિજાપુર પોલીસે ૩૨૬, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) અને ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ હિંમતનગર તાલુકાના દેરોલ ગામની સીમમાં સાબરમતી નદીમાં રવિવારની મધરાત્રે યોગેન્દ્રસિંહ નવલસિંહ ઝાલા, વિક્રમસિંહ કેસરીસિંહ ઝાલા, નવલસિંહ કેસરીસિંહ ઝાલા, વાસુસિંહ માધુસિંહ ઝાલા અને જશપાલસિંહ મનુસિંહ ઝાલા પાંચેય જણા રવિવારની મોડી રાત્રે તેમની રેતીની લીઝ પર હતા તે દરમિયાન મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના કુવાયેડા ગામના ગોપાપાલસિંહ નારસિંહ રાઠોડ, સુરેન્દ્રસિંહ ભીખુસિંહ રાઠોડ, અજીતસિંહ વિજયસિંહ રાઠોડ અને મખુસિંહ દોલતસિંહ રાઠોડ રાત્રિના પોતાનું વાહન લઈ આવ્યા હતા અને સાબરમતી નદીમાં વાસુસિંહ ઝાલાની રેતીની લીજમાંથી કોઈની મંજુરી વગર રાત્રીના સમયે લીજ પર રેતી ભરવા અથવા મશીન મુકવા આવેલા જે બાબતે બન્ને જુથો વચ્ચે મારામારી થઈ હતી. જેમાં પાંચ શખ્સો પર ૨૦ થી ૨૫ જણાના ટોળાએ તલવારો અને તીક્ષણ હથિયારો વડે હુમલો કરી અધમુઆ કરી નાખ્યા હતા. હુમલામાં પાંચ શખ્સોને ગંભીર ઈજાઓ પહોંચતા ૩ને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લવાયા હતા અને અન્ય બે હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ હિંસક હુમલામાં ઘવાયેલા પાંચ પૈકી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ ત્રણ ઈજાગ્રસ્તોએ એવો આક્ષેપ કર્યો છે કે આ ૨૦ થઈ ૨૫ હુમલાખોરો મંત્રી પ્રફુલ પટેલના માણસો છે અને છેલ્લા ઘણા સમયથી લીજ માટે હપ્તાની માંગણી કરી રહ્યા હતા. અંગે ફરિયાદીઓએ વિજાપુર પોલીસ મથક અને રેંજ આઈજીને પણ ફરિયાદ કરી છે જે બાબતે વિજાપુર પોલીસે ૩૨૬, ૩૨૩, ૨૯૪(ખ) ૫૦૬(૨) અને ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસનો દોર આરંભ્યો છે.

## શબ્દાવલી - ૪૮૫૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | |
| | ■ | ૫ | ૬ | | ■ | | ■ |
| ૭ | ૮ | ■ | ૯ | | ૧૦ | | |
| ૧૧ | | ૧૨ | ■ | ■ | ૧૩ | | ■ |
| ■ | ૧૪ | | ૧૫ | | ■ | ■ | ૧૬ |
| ૧૭ | | ■ | | ■ | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | ૨૧ | | ૨૨ | ■ | ૨૩ | |
| ૨૪ | | | ■ | ૨૫ | | ■ | |

**આડી ચાવી**

૧. ચાબુક, હંટર (૩)
૩. હોળી (૪)
૫. જોજન (૩)
૭. મિત્ર, દોસ્તાર (૨)
૯. ગરજુડુ (૫)
૧૧. રીંગ, માથામાં નાંખવાનું બોરીયું (૩)
૧૩. રત્ન (૨)
૧૪. જેનો કોઈ જવાબ ના હોય તેવું (૪)
૧૭. ૧ રૂપિયો ને ૨૫ પૈસા એટલે રૂપિયો (૨)
૨૦. સામસામા સવાલ જવાબ (૫)
૨૩. લોખંડમાં દાવ લેનારની જગ્યાએ દોડનાર (૩)
૨૫. સવાર, પરોઢ (૨)

**ઊભી ચાવી**

૧. લીલા ધાણા (૪)
૨. માટલામાંથી પાણી કાઢવાનું હાથાવાળું વાસણ (૨)
૩. કારીગરી, કસબ (૩)
૪. પ્રવાહ, પાણીની ધારા (૪)
૬. જગત, દુનિયા (૨)
૮. તબલા કે નરઘા વગાડવા તે (૬)
૧૦. યમરાજ (૨)
૧૨. ધૂળના નાના કણો (૨)
૧૫. ઉભા પાકને કાપવું તે, ... જવું (૩)
૧૬. આળસ મરડવી તે (૪)
૧૭. પ્રભાત (૩)
૧૯. થાકવું તે (૨)
૨૧. બહાદુર (૨)
૨૨. ઔષધી (૨)

**શબ્દાવલી ૪૮૫૮ના જવાબ**

**આડી ચાવી :-** (૧) અનરાધાર (૪) પોલો (૬) નુક્કડ (૭) બરફ (૮) ભર (૯) બાજરો (૧૧) આપવડાઈ (૧૩) પાવડો (૧૪) અવશ્ય (૧૫) બરોબરી (૧૮) ફકડ (૧૯) ડીશ (૨૦) વારતા (૨૧) નીપજ

**ઊભી ચાવી :-** (૧) અનુભવ (૨) નક્કર (૩) રાડ (૪) પોર (૫) લોફર (૭) બરોડા (૯) બાપડો (૧૦) જવ (૧૧) આવશ્યકતા (૧૨) ઈલ્કાબ (૧૩) પાવડર (૧૪) અફવા (૧૫) બડી (૧૬) રોશની (૧૭) રીયાજ

### પરીક્ષાનો માહોલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રથમ અર્ધ વાર્ષિક પરીક્ષાનો મહિનો બની રહેશે અને તેની અસર આ માસમાં ઉજવાનારા વિવિધ પર્વોની ઉજવણી પર પડશે તેમ મનાઈ રહ્યું છે. ૨૫મી ઓક્ટોમ્બરથી ધો. ૧૦, ૧૧ અને ૧૨ના સેમેસ્ટરની પરીક્ષાઓ પણ શરૂ થઈ રહી છે એટલે વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ પણ વિદ્યાર્થીઓને પુનરાવર્તન કરી લેવા માટે આગ્રહ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓએ પણ સેમેસ્ટરની પરીક્ષાઓ માટેની તૈયારીઓ અત્યારથી જ આરંભી દીધી છે. બીજી તરફ કોલેજોમાં પણ પરીક્ષાઓ ઓક્ટો.ના અંતમાં અથવા તો નવેમ્બરના પ્રારંભમાં યોજવા અંગેની તૈયારીઓ ચાલી રહી છે અને એકાદ બે દિવસમાં કોલેજની પરીક્ષાની તારીખો પણ જાહેર થઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

### સરકાર ઉપર નિર્ભર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજવામાં આવનાર છે.

જાન્યુઆરી-૨૦૧૩માં ત્રણ સિનિયર મોસ્ટ ઓફિસરો વય નિવૃત્ત થાય છે. જો ભાજપની સરકાર ચાલુ રહી તો આ ત્રણેયને નિવૃત્તિ પછીની નોકરી સરકારમાં મળી શકે છે. આ અધિકારીઓમાં સરકારના વહીવટી વડા એવા ચીફ સેક્રેટરી એ.કે.જોતિ, વી.એસ.ગઢવી અને એસ.જગદીશન વય નિવૃત્ત થાય છે.

ભાજપની સરકારની એ પરંપરા રહી છે કે ચીફ સેક્રેટરી નિવૃત્ત થાય એટલે સરકારમાં નિવૃત્તિ પછીની નોકરી પાકી હોય છે. ભાજપે પ્રવિણ લહેરીને નર્મદા નિગમના ચેરમેન બનાવ્યા હતા. નિવૃત્ત થયેલા ડો.મંજૂલા સુબ્રમણ્યમને હજી પણ ગુજરાત વિઝિલન્સ કમિશનમાં કમિશનર પદે ચાલુ રાખ્યા છે. એવી જ રીતે રાજગોપાલન નર્મદા નિગમના ચેરમેન પછી હવે માહિતી કમિશનર કચેરીમાં ફરજ બજાવે છે અને સુધીર માંકડ ગિફટ સિટીના ચેરમેન તરીકે ચાલુ છે. ડિસેમ્બર પછી જો કોઈપણ સરકાર આવે તો એસ.જગદીશનની નોકરી પાકી છે પરંતુ બિન ભાજપની સરકાર આવી તો એ.કે.જોતિને તેમની વય નિવૃત્તિ પછીની નોકરી કદાચ નસીબ ન પણ થાય...

### ઘરફોડિયા ઝડપાયા... ● ત્રીજા પાનાનું ચાલુ

આચર્યા હોવાની સનસની કબુલાત કરી લીધી છે. ૧૮ ઘરફોડ ચોરીના ઉકેલાયેલા ભેદ પૈકી ૪ ઘરફોડ ચોરીઓ પોલીસ ચોપડે નોંધાયેલી છે. જેમાં સેક્ટર-૧૩ ચ-ટાઈપમાં ૪૯ હજારની ઘરફોડ, સે. ૧૩ના જ-ટાઈપમાં ૪૪,૫૦૦ની ઘરફોડ ઉપરાંત ગોલ્ડમેઈન ફલેટ અને સે. ૧૭ જુના એમ.એલ.એ ક્વાટર્સની ઘરફોડ ચોરીનો પ્રયાસ પોલીસ ચોપડે નોંધાયેલા છે. જે પેકી ઘરફોડ ચોરીના ૨૪ હજારનો મુદ્દામાલ એલ.સી.બી. પોલીસે રીકવર કર્યો છે. એલ.સી.બી.એ ત્રણએય શખ્સોની ધરપકડ કરી સઘન પુછપરછ માટે રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે ઘરફોડીયાઓ જેલમાંથી છુટ્યા બાદ ભાગના મકાનમાં રહેતા હતા.

#### રીઢા શખ્સોને પાસામાં ધકેલવા પ્રપોઝલ કરાશે

ઝડપાયેલા ઘરફોડ ચોરીના આરોપીઓ પૈકી લક્ષ્મણ મારવાડી અગાઉ પણ જિલ્લામાં ચેઈન સ્નેચીંગના ૯ ગુનાઓમાં પકડાયેલો છે અને તેને પાસા હેઠળ અટકાયત કરી સુરત જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો અને જેલમાંથી છુટ્યા બાદ પોતાના નવા સાગરીતો ઉભા કરી તેમજ રહેઠાણ બદલી નાંખી ઘરફોડ અને કેબલ વાયર ચોરી શરૂ કરી દીધી હતી. તેમજ જીલાજી ઠાકોરને પણ અગાઉ પાસા હેઠળ અટકાયત કરી ગોધરા જેલમાં મોકલી અપાયો હતો. ઝડપાયેલા ત્રણેય આરોપીઓ રીઢા હોવાનું બહાર આવતા તેમને પાસામાં ધકેલવા માટે પ્રપોઝલ કરવામાં આવશે તેમ એલ.સી.બી. પી.આઈ. એસ.જી. પરમારે જણાવ્યું હતુ.

#### ઘરફોડીયા ધોળે દિવસે જ ગુનાને અંજામ આપતા

ગાંધીનગરમાં ૧૮ ઘરફોડ ચોરીના ગુનાને અંજામ આપનાર ત્રણેય આરોપીઓ ધોળે દિવસે જ ઘરફોડ કરતાં હતાં. ગાંધીનગરમાં રાત્રે સઘન પેટ્રોલીંગ હોવાથી તેઓ પકડાઈ જવાના ડરે ઘરફોડ માટે રાત્રે નિકળતા ન હતા. પરંતુ દિવસે પોલીસ બંદોબસ્તમાં રોકાયેલી હોવાથી તથા અન્ય રૂટીન કામ કરતી હોવાનું જાણી લઈને ઘરફોડીયા દિવસે જ ઘરફોડ કરતાં હોવાની ચોંકાવનારી કબુલાત કરી છે.

### દૂધમાં ભાવ વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાવ વધારો આવતીકાલથી લાગુ પડશે. ૨૦૦૬ના વર્ષથી અત્યાર સુધીમાં દૂધના ભાવો લગભગ બમણાં કે તેથી વધુ થઈ ગયા છે. ૨૦૦૬માં મધૂર ફુલ ક્રીમ (ગોલ્ડ)નો ભાવ રૂ. ૧૯ હતો તે ઓક્ટોબર ૨૦૧૨માં રૂ. ૪૦ થયો છે. મધુર ટોન્ડ (તાજા) રૂ. ૧૫ થી વધીને રૂ. ૨૯ અને મધુર સ્ટાન્ડર્ડ (શકિત) રૂ.૧૭ થી વધીને રૂ. ૩૮ સુધી પહોંચી ગો છે. ૨૦૧૨માં બીજી વખત ભાવ વધારો જાહેર કરાતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના બાળકોના મોંમાંથી દૂધનો ગ્લાસ છીનવાઈ રહ્યો છે. ચારે બાજુ મોંઘવારીથી પીસાતા આમ આદમીને આ ભાવ વધારાના કારણે કેવી રીતે પોતાનું બજેટ મેનેજ કરવું તેની ચિંતા કરવી પડી રહી છે.

### મહાન રાષ્ટ્રનું નિર્માણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર સાયકલ સીટી બને તેવો પ્રયાસ કરવા જણાવ્યુંહતું. પવિત્ર યાત્રાધામ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પણ ગાંધીનગરમાં સ્વામી વિવેકાનંદ સાયકલ કલબની સ્થાપનાની જાહેરાત કરી નાગરિકોને વન્સ ઈન એ વીક સાયકલ ચલાવવા જણાવ્યું હતું. સાયકલ પર દેશનો પ્રવાસ કરનારા ૮૦ વર્ષીય મનસુખભાઈ પંચાલનું સન્માન કરવામાં આવ્યું હતું. અંતમાં સાયકલ યાત્રામાં જોડાયેલા ૨૬ સાયકલ સવારોને ડ્રો મારફતે ઈનામરૂપે સાયકલ આપવામાં આવી હતી.

### કંપની સમાચાર

#### ઈન્ડિયા આર્ટ ફેસ્ટિવલ ૨૦૧૨

**વિશ્વના ૫૦ શહેરોના ૧૦૦૦ વ્યક્તિગત કલાકારો અને ૪૫ આર્ટ ગેલેરીઝ સાથે સૌથી મોટો આર્ટ ફેસ્ટિવલ આવી રહ્યો છે મહાનગર મુંબઈમાં**

નવેમ્બર મહિનો આવશે અને મબાનગર-મુંબઈ વિશ્વના ૫૦ શહેરોના ૧૦૦૦ વ્યક્તિગત કલાકારો અને ૪૫ આર્ટ ગેલેરીઝ સાથેના મોડર્ન અને સમકાલીન કળાના મેળા સમાન અત્યાર સુધીના સૌથી મોટા આર્ટ ફેસ્ટિવલ માટે સજ્જ થઈ જશે. ગયા વર્ષે નહેરૂ સેન્ટર, વરલી ખાતે યોજાયેલા ઈન્ડિયા આર્ટ ફેસ્ટિવલ (આઈએએફ)ની પ્રથમ આવૃતિની ભવ્ય સફળતા બાદ આઈએએફની બીજી આવૃત્તિ, વ્યાપારી તતિવિધિઓના ગઢ બાન્દરા-કુર્લા કોમ્પલેક્ષ ખાતે ૨૮મી નવેમ્બરથી બીજી ડિસેમ્બર, ૨૦૧૨ દરમિયાન પાંચ દિવસ માટે યોજાશે. આઈએએફની પ્રથમ આવૃત્તિમાં ખેંચાઈ આવેલી મોટી જનમેદનીના પગલે તથા સહભાગી થનારી આર્ટ ગેલેરીઝ તથા કલાકારોની માંગણીને પગલે આયોજકોએ ઈન્ડિયા આર્ટ ફેસ્ટિવલનું આયોજન સ્થળ નહેરૂ સેન્ટરથી એક લાખ સ્કવેઅર ફુટનો વિશાળ વિસ્તાર ધરાવતા એમએમઆરડીએ ગ્રાઉન્ડ ખાતે ફેરવવામાં આવ્યું છે. ઈન્ડ્યા આર્ટ ફેસ્ટિવલની બીજી આવૃત્તિમાં આર્ટ ગેલેરીઝ અને કલાકારો માટે ૧૫૦ વાતાનુકુલિત બુથ્સ હશે. વિશાળ આઉટડોર સ્કલ્પ્ચર્સ પાર્ક, વિડિયો અને વીઆઈપી લાઉન્જ અને આઈએએફ સંવાદો માટે ઓડિટોરિયમ, આ બધું જ એમએમઓડીએ ગ્રાઉન્ડમાં હંગામી માળખા તરીકે ઊભું કરાશે.

#### સ્ટર્લિંગ હૉસ્પિટલમાં ગુજરાતના સૌપ્રથમ પિટયૂરી કિલનિકનો પ્રારંભ

ગુજરાત કોર્પોરેટ હૉસ્પિટલની સૌથી મોટી ચેઈન સ્ટર્લિંગ હોસ્પિટલે આજે અમદાવાદમાં ગુજરાતના સૌ પ્રથમ પિટ્યુટરી કિલનિકના શુભારંભની જાહેરાત કરી છે. ડૉ. પરિમલ ત્રિપાઠી (ન્યુરો સર્જન) અને ડૉ. નવીન પટેલ(ઈ.એન.ટી- કાન, નાક, ગળાના ડૉકટર) તથા ડૉ. હરિત બૂચ(એન્ડોક્રિનોલૉજીસ્ટ) જેવા પ્રસિદ્ધ ડૉકટરોની આગેવાની હેઠળ શરૂ કરાયેલા સ્ટર્લિંગ હોસ્પિટલના આ પિટયુટરી કિલનિકમાં દૃષ્ટિ બચાવવાનાં બે સફળ ઓપરેશન થઈ ચૂક્યાં છે. સ્ટર્લિંગ હોસ્પિટલનું આ પિટ્યુરી કિલનિકએ પિટયૂરીની બિમારી ધરાવતા દર્દીઓને સારવાર માટેનો અજોડ પ્રયાસ છે જે ક્રમશઃ આ પ્રકારના દર્દીઓને ઉત્તમ સારવાર પૂરી પાડશે. સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદના વિશ્વસ્તરના ટર્શ્યરી એકમમાં ઉભી કરાયેલી આ સુવિધા આરોગ્યલક્ષી અદ્યતન સુવિધાઓ ધરાવવા ઉપરાંત ગુજરાતના કુશળ ડૉકટરો દ્વારા આ પ્રકારની સારવાર પૂરી પાડવાનો અનોખો પ્રયાસ છે. સ્ટર્લિંગ હોસ્પિટલના પિટ્યૂરી ક્લિનિકની ટીમ દર શનિવારે દર્દીઓને કન્સલ્ટેશન તથા જરૂરી સારવાર પૂરી પાડશે. સ્ટર્લિંગ હોસ્પિટલની પિટ્યૂરી ક્લિનિક ટીમના સભ્ય તથા પ્રસિધ્ધ ન્યુરો સર્જન ડૉ. પરિમલ ત્રિપાઠી જણાવે છે કે પિટ્યૂરી ગ્લેન્ડએ મગજના નીચેના ભાગમાં આવેલી વટાણાની સાઈઝની ગ્રંથી છે, જે માનવ શરીરનાં ઘણાં કાર્યોનું નિયંત્રણ કરે છે. પિટ્યૂરી ગ્રંથીમાંથી થતો સ્ત્રાવ હોર્મોનના વિકાસ, જાતિય ઈન્દ્રિયોની કામગીરી તથા શરીરને થાક લાગે ત્યારે મળતાં પ્રતિભાવને (Stress Response Mechanism) નિયંત્રિત કરે છે.